॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક ॥

ઈન્વેસ્ટમેન્ટ પ્રોફાઈલ

Stock Market Trading Consultancy

www.nikhilbhatt.in

નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

નિફ્ટી ફ્યુચર ૨૩૦૦૮ પોઈન્ટ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

સ્થાનિક/ વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો.... સોમવારે શેરબજારમાં કારોબારની શરૂઆત તેજી સાથે થઈ હતી. સેન્સેક્સ ૧૫૫ પોઈન્ટના ઉછાળા સાથે ૭૬૭૭૭ ના સ્તરે હતો જ્યારે નિફ્ટી ફ્યુચર ઈન્ડેક્સ ૧૧ પોઈન્ટની ઉછાળા સાથે ૨૩૨૮૦ના સ્તરે કામકાજ કરી રહ્યો હતો, જ્યારે બેન્ક નિફ્ટી ફ્યુચર ઈન્ડેક્સ ૩૫૩ પોઈન્ટની ઉછાળા સાથે ૪૯૦૫૦ ના સ્તરે કામકાજ કરી રહ્યો હતા.

ચાઈના સાથે અમેરિકામાં ટ્રમ્પના સંબંધો સુધરવાના સંકેત વચ્ચે ઈન્ડસ્ટ્રીયલ મેટલમાં ફરી ફંડોની તેજી જોવાઈ હતી. બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં પણ ફંડો આજે ફરી મોટાપાયે ખરીદદાર બન્યા હતા. રેલવે ઉદ્યોગની કંપનીઓના શેરોમાં આજે મોટી તેજી થઈ હતી. ઓઈલ એન્ડ ગેસ, એનર્જી ફ્રન્ટલાઈન શેરો સાથે રિયલ્ટી,આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી અને એફએમસીજી શેરોમાં ફરી ફોરેન ફંડોએ આજે ખરીદી કરતાં ભારતીય શેરબજારમાં નોંધપાત્ર ઉછાળો નોંધાયો હતો. વૈશ્વિક બજારોમાં અમેરિકાના એશીયાના બજારોમાં તેજી સાથે ભારતીય શેર બજારોમાં સપ્તાહના પ્રથમ દિવસે સેન્સેક્સ, નિફ્ટી બેઝડ તેજી જોવા મળી હતી.

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની ૨૦, જાન્યુઆરીના તાજપોશી થવા પૂર્વે વિશ્વમાં ફરી યુદ્ધના અંત તરફી ડેવલપમેન્ટમાં ઈઝરાયેલની યુદ્ધ અંત માટેની ડિલને હમાસે સ્વિકાર્યા બાદ ફરી ઈઝરાયેલે હમાસ આ વિરામને જોખમમાં મુકી રહ્યાના આક્ષેપ છતાં ટ્રમ્પ હવે ચાઈનાના દુશ્મનને બદલે દોસ્ત બનવા તરફી મળી રહેલા સંકેતે વિશ્વનું અર્થતંત્ર ફરી રિકવરીના પંથે આગળ વધવાની અપેક્ષામાં ફંડો તેજીમાં આવ્યા હતા.

શરૂઆતના વેપારમાંના ટોપ ગેઈનર્સમાં લાર્સેન, ગ્રાસીમ, કોટક મહિન્દ્રા બેન્ક, એચડીએફસી બેન્ક, ભારતી એરટેલ, વોલ્ટાસ, રિલાયન્સ, ભારત ફોર્જ,સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, ડીએલએફ જેવા શેરમાં વધારો જોવા મળ્યો હતો. ટોપ લુઝર્સમાં ટીસીએસ, ટોરેન્ટ ફાર્મા, એસીસી, ઈન્ફોસીસ, એચસીએલ ટેકનોલોજી, સન ફાર્મા જેવા શેરમાં ઘટાળો જોવા મળ્યો હતો.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો ગઈકાલે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૦૫%ના ઉછાળા સાથે બંધ રહ્યો હતો. જ્યારે એસએન્ડપી ૫૦૦ ૧.૦૦% વધીને અને નેસ્ડેક ૧.૪૯% વધીને સેટલ થયા હતા.બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૬૧% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૦૨% ઘટીને ટ્રેડ થઈ રહ્યા હતા.

બીએસઈમાં સોમવારે કુલ ટ્રેડીંગ થયેલી ૩૩૯૪ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૮૦૭ અને વધનારની સંખ્યા ૧૪૨૪ રહી હતી,૧૬૩ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો.જ્યારે ૧૬૬ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૧૦૩ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બજારની ભાવિ દિશા.... મિત્રો, ઈઝરાયેલ-હમાસ યુદ્ધ અંતની સંમતિના કારણે વૈશ્વિક જીઓપોલિટીકલ ટેન્શન હળવું થવાના પોઝિટીવ પરિબળ અને અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ સત્તાનું સૂકાન સંભાળે એ પૂર્વે રોજગારીમાં વૃદ્ધિ સાથે યુ.એસ. ફેડરલ રિઝર્વ દ્વારા આગમી દિવસોમાં ફરી વ્યાજ દરમાં ઘટાડાના સંકેત અને ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ વધતાં અટકતાં પોઝિટીવ પરિબળોએ વૈશ્વિક બજારોમાં ઉડાઉડ અટકી હતી. ભારતીય શેર બજારોમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ)ની શેરોમાં કેશમાં સતત નેટ વેચવાલીના આવી રહેલાં આંકડા અને અમેરિકામાં નાસ્દાકમાં ધોવાણ સાથે ઘર આંગણે કોર્પોરેટ પરિણામોમાં સપ્તાહના અંતે ઈન્ફોસીસના રિઝલ્ટ પાછળ આઈટી શેરોમાં ધબડકો થયો છે.બજારમાં પાછલા દિવસોમાં મોટા ધોવાણ બાદ રોકાણકારોનો વિશ્વાસ ડગમગ્યો છે. નવી ખરીદીમાં સાવચેતી જોવાઈ રહી છે. હવે આગામી સપ્તાહમાં અમેરિકાના નવા રાષ્ટ્ર પ્રમુખ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પની થનારી તાજપોશી પર વિશ્વની નજર મંડાયેલી હોઈ ઓવરનાઈટ તેજીનો વેપાર જાળવવાથી ખેલંદાઓ દૂર રહ્યા છે.

જ્યારે ઘર આંગણે હવે નાણા પ્રધાન નિર્મલા સીતારામન દ્વારા કેન્દ્રિય બજેટ રજૂ કરવાની કવાયત શરૂ થઈ ગઈ હોઈ નવી કેવી જોગવાઈ આવશે એની અનિશ્ચિતતાએ પણ તેજીનો વેપાર હળવો થતો જોવાઈ રહ્યો છે. કોર્પોરેટ પરિણામો, અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ સોમવારે ૨૦, જાન્યુઆરી સુકાન સંભાળનાર હોઈ એના પર નજર સાથે ક્રુડ ઓઈલના ભાવ અને અમેરિકી ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં વધઘટ પર નજર વચ્ચે આગામી દિવસોમાં નિફ્ટી અને સેન્સેક્સમાં અફડા તફડી જોવાઈ શકે છે.

એમસીએક્સ ગોલ્ડ : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે ફેબ્રુઆરી ગોલ્ડ રૂ.૭૮૮૮૨ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૭૮૯૯૨ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૭૮૮૫૫ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૧૨૩ પોઈન્ટના ઘટાળા સાથે રૂ.૭૮૯૦૦ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે માર્ચ સિલ્વર રૂ.૯૧૯૯૯ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૯૧૯૯૯ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૯૧૨૬૫ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૫૬ પોઈન્ટના ઉછાળા સાથે રૂ.૯૧૬૫૯ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી ટ્રેડીંગ સંદર્ભે સ્ટોક સ્પેશીફીક અંદાજીત રૂખ

ઈન્ફોસીસ લીમીટેડ (૧૮૦૩) : ઈન્ફોસીસ સુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૯૦ આસપાસ ટ્રેડીંગ થતો આ સ્ટોક રૂ.૧૭૮૧ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૧૮ થી રૂ.૧૮૩૦ સુધી તેજી તરફી ધ્યાન...!!!

વોલ્ટાસ લીમીટેડ (૧૫૬૪) : ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૫૫૫ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૫૪૧ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૫૭૭ થી રૂ.૧૫૮૪ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે.!!!

મહાનગર ગેસ (૧૩૧૦) : ૧૩૦૧ નો પ્રથમ તેમજ રૂ.૧૨૯૦ ના એલપીજી/સીએનજી/પીએનજી સપ્લાયર્સ સેક્ટર રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૨૧ થી રૂ.૧૩૩૧ સુધીની તેજી તરફી રુખ નોંધાવશે...!!!

એક્સીસ બેન્ક (૯૮૫) : પ્રાઈવેટ બેન્ક સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૯૩ થી રૂ.૧૦૦૮ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૯૭૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

જીન્દાલ સ્ટીલ (૯૧૬) : રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૯૦૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક સ્ટીલ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૯૨૬ થી રૂ.૯૩૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!

લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના પ્રોપરાઈટર છે.

ખાસ નોંધ: ડિસ્ક્લેમર/પોલિસી/શરતો www.nikhilbhatt.in ને આધીન

'સ્વ. હેમતભાઈ રામભાઈ માડમ મેમોરિયલ ટ્રોફી' જામનગરમાં

આહિર સમાજના ખેલાડીઓ માટે ઓપન ગુજરાત ટેનીસ બોલ ડે ક્રિકેટ ટુર્નામેન્ટ સંપન્ન: રામ ઈલેવન-ગડુ ચેમ્પિયન

જામનગર તા. ૨૦: જામનગરના આહિર એકટીવ ગ્રુપ દ્વારા આહિર સમાજના ખેલાડીઓ માટે સ્વ. હેમતભાઈ રામભાઈ માડમ મેમોરિયલ ટ્રોફી-૨૦૨૪-૨૫ ઓપન ગુજરાત ટેનીસ બોલ ડે ક્રિકેટ ટુર્નામેન્ટ રોમાંચક ફાઈનલ મેચ સાથે સફળતાપૂર્વક સમાપ્ત થઈ હતી.

તા. ૨૪ ડિસેમ્બર-૨૦૨૪ થી ન્યુ જામનગર બાયપાસ પાસે, નિલેશભાઈ ભુતિયાની વાડીના મેદાનમાં આયોજીત આ ટુર્નામેન્ટમાં આહિર સમાજની ૧૧૨ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં રામ ઈલેવન ગડુ ટીમ અને આર.જી. ઈલેવન-જામનગર વચ્ચે ભારે રસાકસી ભર્યા ફાઈનલ મેચમાં રામ ઈલેવન ગડુનો રોમાંચક વિજય સાથે આ ટીમ ચેમ્પીયન થઈ હતી.

ફાઈનલ મેચ નિહાળવા અને ક્રિકેટ ખેલાડીઓને પ્રોત્સાહીત કરવા બહોળી સંખ્યામાં ક્રિકેટ પ્રેમી લોકો સવારથી સાંજ સુધી ઉપસ્થિત રહ્યા હતા. ત્યારપછી યોજાયેલ ઈનામ વિતરણ સમારોહમાં સ્વ. હેમતભાઈ રામભાઈ માડમ મેમોરિયલ ટ્રસ્ટના પ્રમુખ તથા સંસદ સભ્ય પૂનમબેન માડમ અને આમંત્રીત મહેમાનો નિલેશભાઈ ભુતિયા તેમજ આહિર સમાજના અગ્રણીઓ સર્વે દેવશીભાઈ પોસ્તરીયા, વી.એચ. કનારા, પૂર્વ ડે. મેયર કરશનભાઈ કરમુર અને પ્રવિણભાઈ માડમ, ભરતભાઈ કવાડ, હીતેશભાઈ પીડારીયા, મહેશભાઈ નંદાણીયા, ભરતભાઈ ચાવડા, રામદેભાઈ કંડોરીયા, રમેશભાઈ કંડોરીયા, મહેશભાઈ વારોતરીયા, કેશુભાઈ માડમ- કોર્પોરેટર, કે.બી. ગાગીયા, રાજુભાઈ ગાગીયા, અનીલભાઈ વારોતરીયા, ભાવેશભાઈ ગાગીયા, લાલાભાઈ ગોરીયા, રામભાઈ ખુંટી, ડાડુભાઈ આંબલીયા, દેવીદાનભાઈ જારીયા, દિપકભાઈ ચાવડા, દિલીપભાઈ હાથલીયા, પરબતભાઈ ભાદરકા, બિપીનભાઈ ખીમલીયા, મેરૂભાઈ માડમ, હરદાસભાઈ વારોતરીયા, વિક્રમભાઈ બેલા, રમેશભઈ ગાગીયા, દેવશીભાઈ કરમુર, સુરેશભાઈ વસરા, ધરણાંતભાઈ ચાવડા, જગાભાઈ ચાવડા, પરબતભાઈ વરૂ, કેશુભાઈ લૈયા, પ્રભાતભાઈ ચાવડા, રામભઈ દેથરીયા, કરણાભાઈ વાઢીયા, આલાભાઈ જોગલ, વેજાભાઈ કંડોરીયા, નગાભાઈ ગાધેર, હેમતભાઈ આંબલીયા, એસ.બી. ભેટારીયા, રાજેશભાઈ મકવાણા, જીવણભાઈ કુંભરવડીયા, વશરામભાઈ રાઠોડ, વિગેરે અગ્રણીઓ ઉપરાંત પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્પીયન ટીમ તથા રનર્સ અપ ટીમને આકર્ષક ટ્રોફી તથા રોકડ પુરસ્કાર તેમજ ઉપસ્થિત મહેમાનોના હસ્તે બન્ને ટીમોના ખેલાડીઓને ડ્રેકસુટ અને ટી-શર્ટ આપવામાં આવ્યા હતાં. મેન ઓફ ધી સીરીઝ, મેન ઓફ ધી ફાઈનલ મેચ, બેસ્ટ બેટસમેન, બેસ્ટ બોલર, એમ્પાયરો, કોમેન્ટેટરો અને સ્કોરરને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહીત કરાયા હતાં.

સંસદસભ્ય પૂનમબેન માડમે પ્રાસંગિક પ્રવચન કરી ૨૦ દિવસથી ચાલતી આ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર સર્વે ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવેલ. તેમજ સ્વ. હેમતભાઈ માડમની સ્મૃતિમાં સને ૨૦૦૮થી પ્રતિ દર વર્ષે આહિર સમાજના ખેલાડીઓ માટે યોજાતી આ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન આહિર એકટીવ ગ્રુપના યુવા સદસ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

જામનગરમાં પહેલી ફેબ્રુઆરીથી

બ્રહ્મ સમાજના બહેનો માટે બ્યુટીપાર્લરના નિ:શુલ્ક કોર્સ

જામનગર તા. ૨૦: જામનગરના રણજીતનગર સમસ્ત બ્રહ્મ સમાજ તથા ન્યુ સ્ટાઈલ બ્યુટી પાર્લરના સંયુકત ઉપક્રમે બ્રહ્મસમાજના બહેનો માટે તા. ૧-૨-૨૫ થી નિ:શુલ્ક બ્યુટી પાર્લરના કોર્સનુ આયોજન કરવામાં આવ્યું છે. જસ્મીનબેન ત્રિવેદી બહેનોને આ કોર્ષમાં આઈબ્રો, વેક્સ, ફેશીયલ, હેર કટીંગ, મેનીક્યોર, પેડી ક્યોર, મેક અપ, મહેંદી, હેર કલર વગેરે અંગે તાલીમ અને શિક્ષણ આપશે.

આ કેમ્પમાં જોડાવા માટે તા. ૨૫-૧ થી તા. ૩૧-૧ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વધુવિગતો માટે જસ્મીનબેન ત્રિવેદી (૯૯૨૪૦ ૧૯૩૧૯)નો સંપર્ક કરવા બ્રહ્મ સમાજના પ્રમુખ સુનિલ ખેતીયા તથા મહામંત્રી ચિરાગ પંડયાએ જણાવ્યું છે.

ઉમા પ્રાથમિક વિદ્યાલયમાં ગીતા પ્રેરક પ્રવચન

(તસ્વીર: મુકેશ વરીયા)

ધ્રોલના જે.પી. રાણીપા ઉમા પ્રાથમિક કન્યા વિદ્યાલયમાં ડાયરેકટર ભગવાનજીભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ ભગવદ્ ગીતા ઉપર પ્રેરક પ્રવચન યોજાયું હતું. પ્રવચનના મુખ્ય વકતા જેન્તીલાલ સોરઠીયાએ ગીતાજીના મહત્ત્વ અંગે પ્રવચન આપ્યું હતું. ત્યાર પછી સંવાદ-પ્રશ્નોતરી થયા હતા. આચાર્યા સુમીત્રાબેન અઘેરાએ સ્વાગત પ્રવચન કર્યું હતું અતિથિ વિશેષપદે નિવૃત્ત શિક્ષક ભાણજીભાઈ કગથરા ઉપસ્થિત રહ્યા હતાં.

સલાયામાં વિદ્યાર્થીઓ માટે યોજાયો ટ્રાફિક અવેરનેસ કેમ્પ

સલાયા તા. ૨૦: સલાયા મરીન પોલીસ સ્ટેશન તેમજ સલાયા માધ્યમિક શાળાના સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમોનું જ્ઞાન આપવા અવેરનેસ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં માધ્યમિક શાળાના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સલાયા મરીન પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એ. રાણા, દેવેન્દ્રસિંહ, હસમુખભાઈ ચૌહાણ પોલીસ સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સલાયા માધ્યમિક શાળાના આચાર્ય જગમલભાઈ ભેટારિયા તથા સ્ટાફ જહેમત ઉઠાવી હતી.

સંત પૂ. ત્રિકમાચાર્ય બાપુના જન્મદિવસની ઉજવણી: ગાયત્રી યજ્ઞ, ધ્વજારોહણ યોજાયા

(તસ્વીર: મુકેશ મોકરીયા)

ખંભાળિયા તા. ૨૦: દ્વારકા જિલ્લાના ભા બરડા ડુંગર વિસ્તારના સંત પૂ. ત્રિકમાચાર્ય બાપુના ૧૬૧ મા જન્મ દિનની ઉજવણી ભાણવડ બાપુની વાવમાં કરવામાં આવી હતી.

શ્રીમતી તરૂણાબેન વલ્લભભાઈ થાનકી (હાલ અમેરિકા) તથા આશાપુરા સામુદ્રી માતાજી ઘુમલીના પૂજારી સંજયભાઈ શાંતિલાલ થાનકી પરિવારે દ્વારા નૂતન ધ્વજારોહણ, ગાયત્રીયજ્ઞ તથા ત્રિકમાચાર્યની જગ્યામાં પ્રથમ વખત અન્નકૂટ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતાં. બરડા ડુંગરના આશાપુરાથી મંગળ જ્યોતિ બાપુની વાવે લાવવામાં આવી હતી. તેજસ પુરોહિત, મનોજ થાનકી, દિક્ષીત થાનકી, જયદીપ થાનકી, ઉમેશ મોઢા, મનોજ જોષી, કાર્તિક, મીત સાણથલા, હરિશ થાનકી વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

ઓઝા પરિવારના આંગણે લગ્નોત્સવ

જામનગર નિવાસી અ.સૌ. અર્ચનાબેન તથા કેતનભાઈ મનસુખલાલ ઓઝાના સુપુત્ર ચિ.પ્રતિકના શુભલગ્ન દામનગર (જિલ્લો અમરેલી) નિવાસી અ.સૌ. માયાબેન તથા ચેતનભાઈ નર્મદાશંકર ત્રિવેદીની સુપુત્રી ચિ.કવિતા સાથે શુક્રવાર તા. ૨૪-૧-૨૦૨૫ ના શુભદિને નિરધાર્યા છે.

મહેતા પરિવારના આંગણે લગ્નોત્સવ

જામનગર નિવાસી અ.સૌ. હેમાગૌરી તથા શ્રી વિશાલ વિનોદભાઈ મહેતાની સુપુત્રી ચિ. ઉર્વીના શુભલગ્ન જામનગર નિવાસી ગં.સ્વ. ક્રિષ્નાબેન તથા સ્વ. ધનસુખ ભગવાનજીભાઈ વારાના સુપુત્ર ચિ. જીગ્નેશ સાથે શુક્રવાર, તા. ૨૪-૧-૨૦૨૫ ના શુભદિને નિરધાર્યા છે.

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૮૦ ૦૦૮૮૭

મેષ (અ-લ-ઈ) — ઈચ્છિત વ્યક્તિ સાથે મિલન-મુલાકાતથી આનંદ ઉત્સાહ અનુભવો. મહત્ત્વના નિર્ણય લેવામાં સરળતા રહે. શુભ રંગ: લાલ | શુભ અંક: ૨-૫

વૃષભ (બ-વ-ઉ) — દિવસના પ્રારંભથી જ આપને બેચેની અનુભવાય. તબિયતની અસ્વસ્થતા જણાય. વધુ પડતી દોડધામ કરવી નહી. શુભ રંગ: લીલો | શુભ અંક: ૬-૪

મિથુન (ક-છ-ઘ) — નોકરી-ધંધાના કામકાજ અંગે બહાર કે બહારગામ જવાનું બને. આપના યશ-પદ-ધનમાં વધારો થાય. શુભ રંગ: ઘુઘિયા | શુભ અંક: ૫-૯

કર્ક (ડ-હ) — આપના કાર્યની સાથે સગા-સંબંધીવર્ગ, મિત્રવર્ગ-ઘર-પરિવારના કામકાજ અંગે વ્યસ્તતા જણાય. શુભ રંગ: મેંદી | શુભ અંક: ૨-૮

સિંહ (મ-ટ) — આપની બુદ્ધિ-અનુભવ-આવડત-મહેનતથી આપના કાર્યનો ઉકેલ લાવી શકો. આપના કામની કદર થાય. શુભ રંગ: મોરપીંછ | શુભ અંક: ૧-૬

કન્યા (પ-ઠ-ણ) — નાણાકીય રોકાણ-વ્યવહારના કામમાં મુશ્કેલી જણાય. ઉતાવળ કરવી નહીં. ઘર-પરિવારની ચિંતા જણાય. શુભ રંગ: જાંબલી | શુભ અંક: ૪-૬

તુલા (ર-ત) — રાજકીય-સરકારી કામકાજ અંગે મિલન-મુલાકાત થઈ શકે. આપની ગણતરી-ધારણા પ્રમાણે કામ થાય. શુભ રંગ: પીળો | શુભ અંક: ૭-૫

વૃશ્ચિક (ન-ય) — આપના કાર્યની સાથે કૌટુંબિક-પારિવારિક કામ અંગે વ્યસ્તતા-દોડધામ રહે. ખર્ચ જણાય. શુભ રંગ: સફેદ | શુભ અંક: ૬-૩

ધનુ (ભ-ધ-ફ-ઢ) — આપના કામમાં ઉપરીવર્ગ-સહકાર્યકર વર્ગનો, નોકર-ચાકરવર્ગનો સહકાર મળી રહે. આડોશ-પાડોશનું કામ રહે. શુભ રંગ: મરૂન | શુભ અંક: ૧-૪

મકર (ખ-જ) — નોકરી-ધંધે જાવ તો ઘર-પરિવારની ચિંતા રહે અને ઘરે રહો તો નોકરી-ધંધાની ચિંતા સતાવ્યા કરે. ઉચાટ રહે. શુભ રંગ: બ્લુ | શુભ અંક: ૨-૫

કુંભ (ગ-શ-ષ-સ) — આપના કાર્યમાં સંતાનનો સાથ-સહકાર મળી રહે. વાણીની મીઠાશથી કામમાં સરળતા જણાય. પરદેશના કામ થાય. શુભ રંગ: કેસરી | શુભ અંક: ૪-૮

મીન (દ-ચ-ઝ-થ) — આપના કાર્યની સાથે બીજું કોઈ કામ આવી જતા અન્ય સહકર્મીનું કામ આવી જતા આપના કાર્યભાર-દોડધામ વધે. શુભ રંગ: ગુલાબી | શુભ અંક: ૩-૯

આવતીકાલનું પંચાગ

સુર્યોદય : ૭-૨૮ સુર્યાસ્ત : ૬-૨૮

દિવસના ચોઘડીયા
(૧) રોગ (૨) ઉદ્વેગ (૩) લાભ (૪) લાભ (૫) અમૃત (૬) કાળ (૭) શુભ (૮) રોગ

રાત્રિના ચોઘડીયા
(૧) કાળ (૨) લાભ (૩) ઉદ્વેગ (૪) શુભ (૫) અમૃત (૬) લાભ (૭) રોગ (૮) કાળ

વિક્રમ સંવત: ૨૦૮૧, શોભન વદ-૯ : તા. ૨૧-૦૧-૨૦૨૫, મંગળવાર, જૈન સંવત: ૨૫૫૧, શારિવાસ: ૧૯૪૬, યુગાબ્દ : ૫૧૨૬, પારસી રોજ : ૧૦, મુસ્લિમ રોજ: ૨૦, નક્ષત્ર: ચિત્રા, યોગ: ધૃતિ, કરણ: બાલવ

જન્મેલાનું વર્ષફળ

તા. ૨૧ - જાન્યુઆરીના દિવસે

આ સમયમાં આપને વ્યસ્તતાનો અનુભવ થાય. નોકરી-ધંધાકીય ક્ષેત્રે નવી તક મળતી જાય. નોકરીમાં બદલી-બઢતીના કામ થઈ શકે. કુટુંબ-પરિવાર સાથે યાત્રા-પ્રવાસનો આનંદ માણી શકો. પરદેશ જવાના આયોજનમાં સાનુકુળતા મળી રહે. પુત્ર-પૌત્રાદિકના પ્રશ્નોનો ઉકેલ આવતો જવાથી રાહત થતી જાય. મિત્રવર્ગનો સાથ-સહકાર મળી રહે.

બાળકની રાશિ: કન્યા ૧૦.૩૪ સુધી પછી તુલા

અર્ક — ગમે તેટલું 'ધન' કમાઓ પણ મૃત્યુ નોંધમાં 'નિધન' જ લખાશે...!

શબ્દવ્યૂહ

૭૦૬૮



આડી ચાવી

૩. બદબો, દુર્ગંધ -------(૨
૬. રાજકારણી દાવપેચ ---(૫
૭. ખાતરી, વિશ્વાસ------(૩
૮. ઝાકળ, વલ --------(૪
૧૨.સહકાર ----------(૪
૧૩.સર્જનહાર, પરમાત્મા --(૨
૧૫.સો વર્ષે ઉજવાતો ઉત્સવ (૩
૧૬.વિક્રમ સંવતનો પહેલો મહિનો----------(૪
૧૭.ભાઈબંધ, દોસ્તાર ----(૨
૧૯.લખાણની શરૂઆતમાં વપરાતો કલ્યાણકારક શબ્દ ----------(૧
૨૦.સૌથી નીચા વર્ણનો માણસ (૨

---.

ઊભી ચાવી

૧. સારું નહિં એવું, દુષ્ટ--(૩
૨. ખેતર કે ગામની હદ---(૨
૪. ગુસ્સાભરી કે કડામણી ચેતવણી ----------(૩
૫. જઈ કે પહોંચી શકાય તેવું ----------(૨
૯. છાપરું ઢાંકવા માટેની માટી કે સિમેન્ટની વસ્તુ -(૩
૧૦.વેરાન જંગલ--------(૩
૧૧.સુગંધ, પરિમલ ------(૩
૧૨.પર્વત કે સરોવરમાંથી ઉદ્ભવતો વિસ્તૃત જળપ્રવાહ ----------(૩
૧૪.જુદાપણું, તફાવત-----(૩
૧૫.વહેમ, સંદેહ --------(૨
૧૮.પડ, થર----------(૨

આડી ચાવી (૧) મુલાકાત (૩) પગભર (૫) રજસ (૬) વાલ (૭) લીન (૯) તરસ (૧૨) સમય (૧૪) રંગલો (૧૫) જણસ (૧૭) દોજખ (૧૯) ભાગ (૨૧) વાડ (૨૨) તજવીજ (૨૩) સમતોલ

ઉકેલ કોયડા નં. ૭૦૬૭

ઊભી ચાવી (૧) મુસીબત (૨) તરલ (૩) પસલી (૪) રમણીય (૬) વાસ (૮) નસ (૧૦) રક્ષણ (૧૧) જંગલ (૧૩) મગજ (૧૫) જહેમત (૧૬) સભા (૧૭) દોડ (૧૮) ખડતલ (૨૦) ગરજ (૨૧) વારસ